# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૮ • તા. ૨૮ જૂન થી ૪ જુલાઈ ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


KDO SANJIVANI

# જ્ઞાતિજનોની આશાઓ અને જરૂરતને પુરું કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની યોજના

Life Member

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# દોસ્ત તો દિલદાર હોવો જોઈએ

ફ્રેન્ડ, દોસ્ત, મિત્ર, સખા, ભાઈબંધ, યાર. એક સંબંધ પણ અનેક સંબોધન. કોઈ કે ખરું કહ્યું છે જેની સાથે કોઈ સંબંધ નથી એ છે ભાઈબંધ. સગા ભાઈ જેવો જે બંધન બાંધે એ છે. ભાઈબંધ, દોસ્ત એટલે એવો ખભો જેની પર માથું મૂકી મુક્ત મને રડી શકાય ને ખડખડાટ હસી શકાય. દોસ્ત એટલે એવો લાઈફ જેકેટ જે આપણને ડૂબવા ન દે. એ સાથે હોય તો ગમે તેવા મઝધારમાંથી બહાર કાઢી લે. એ ક્યારે આપણને ઝૂકવા ન દે, ન રૂકવા દે. સતત આપણી સાથે આપણી આગળ તો આપણી પાછળ હોય. દરેક કપરી પળોમાં એમ્બ્યુલન્સ બનીને આપણને સુરક્ષા કવચ આપે, ફાયરબ્રિગેડ બનીને આપણા કષ્ટ ઠારે. આપણા ભપકાદાર સેલિબ્રેશનમાં ભલે મોડો આવે, પણ કપરા કાળમાં પહોંચનાર એ પહેલો શખ્સ હોય છે. આપણા દરેક ફંકશનમાં તેની હાજરી અચૂક હોય જ. ચટાઈ પાથરવાથી લઈને છેલ્લે ખુરશી ઉપાડવામાં પણ તેનો સાથ મળે.

પશ્ચિમના ચાળે ચડી ફ્રેન્ડશિપ ડે ભલે ઉજવાય. એક બેન્ડ બાંધી દેવાથી કંઈ આત્મીયતા ન બંધાય. મિત્ર એટલે પ્રકૃતિ એ આપેલું અણમોલ નજરાણું. ઈશ્વર જેને આપણા લોહીના સંબંધથી જોડવાનુ ભૂલી ગયા હોય એ વ્યક્તિને મિત્ર બનાવીને આપણી નિકટ લાવી દઈ પોતાની ભૂલ સુધારી લે છે. આપણા બધા દોષોનો અસ્ત કરી ઉજળા કરી દે એ છે દોસ્ત. જે દૂર હોવા છતાં આસપાસ છે. જે બધાથી ખાસ છે. જેનો પ્રેમ ભર્યો પાશ આપણી આસપાસ લાગેલો છે. એવો સંબંધ ભાઈબંધ ધરાવે છે. ભણવાની પરીક્ષામાં ભલે આપણી મદદ ન કરી શક્યો હોય. પણ જિંદગીની પરીક્ષામાં આપણા જોડ જોડ હોય છે. જિંદગીની એવી કપરી પરિસ્થિતિઓમાં કોઈ સગું સંબંધી ઊભું ન રહે પણ, મિત્રને આપણી પરિસ્થિતિની જાણ થતાં ખભે હાથ મૂકી જોડે ઊભો રહી જાય છે.

દોસ્તી કંઈ સ્ટેટસ જોઈને નથી થતી. ધર્મ જાતિ કે ઊંચ-નીચ રંકને રાયનો ભેદ પણ નથી જોતી એ માત્ર જુએ છે હૃદયની નિર્મળાતા. વાણીની પવિત્રતા અને સ્વભાવની સાદગી. દોસ્તી કંઈ લોહીનો સંબંધ નથી. એ દિલનો સંબંધ છે. કોઈને કહી ન શકાય એવી વાત જેને કહી શકાય એ દોસ્ત આમ દોસ્ત આપણી તિજોરી છે, સેફ્ટી લોકર છે. દોસ્તી ક્યારેય ખાસ માણસોથી નથી થતી. પણ જેનાથી દોસ્તી થાય એ લોકો ખાસ બની જાય છે. સારા મિત્રોની સોબત તથી ગમે તેવા સંકટ દૂર થઈ જાય છે. અનેક મુશ્કેલીઓ ખતમ થઈ જાય છે. પણ નઠારા મિત્રની સોબતને સંગત આપણને વિકટ મુશ્કેલીમાં ધકેલી દે છે. માટે દોસ્તની પરખ હીરા પારખુ નજરથી કરી શકાય.

ચંદ્રના અજવાળામાં આભમાં ઝીણા ઝીણા ટમટમતા તારલાઓ દેખાતાં નથી એનો મતલબ એ નથી કે તારાઓનું અસ્તિત્વ નથી. એવી જ રીતે સારા મિત્રો આકાશમાં ચમકતા તારલાઓ છે જે કોઈને ભલે ન દેખાતાં હોય પણ તેમનો સાથ આપણને સદાય મળી રહે છે. સારા, સુશીલ, નિંર્વ્યસની મિત્ર સદ્ચરિત્રવાળા મિત્ર કોક હોય છે એને હીરાની જેમ પરખવા જોઈએ. દોસ્તાર સાથે લોહીનો નહીં દિલનો સંબંધ છે. જે વાત કોઈને ન કહી શકાય એ વાત જેને બેજિઝક કહી શકાય એ છે. દોસ્ત, જેથી સાથે હસી શકાય એ નહી પણ જેની સાથે રડી શકાયએ છે. દોસ્ત આવા મિત્રો જેના જીવનમાં હોય તેને જીવન જીવવા જેવું લાગે છે. કવિ મિત્ર મેઘબિંદુએ દોસ્ત માટે લખ્યું છે. 'હોય ભલે સંકુચિત આખું જગત, પણ, દોસ્ત તો દિલદાર હોવો જોઈએ.'

– જય જ્ઞાતિમૈયા

# સમયને સાચવવાની કળા

સમયના સંગાથે ચાલનારી વ્યક્તિ જીવનમાં ક્યારે પણ નાસીપાસ થતી નથી સમયના ચક્ર સાથે તાલમેલ સાધનારનું જીવન સુગંધિત અને સુવાસિત બનાવે છે. આ સમય ખૂબ જ મહત્વનો છે. સમયને જો સાચવવામાં ન આવે તો પસ્તાવો કરવાનો સમય આવે છે. યોગ્ય સમયે નક્કી કરેલા કાર્યો પૂર્ણ કરી લેવામાં આવે તો સમય આપણો સાચો મિત્ર બની રહે છે. જીવનમાં જે ગુમાવ્યું હોય તે પરત મેળવી શકાય છે. પરંતુ વીતી ગયેલો સમય પરત મેળવી શકાતો નથી. સમય મુઠ્ઠીમાં રહેલી રેતી જેમ છે. જે હાથમાંથી ક્યારે સરકી જાય છે તેની ગત રહેતી નથી. સમય હાથમાં સરકી ગયા પછી કંઈ બાકી રહેતું નથી. સમયની તાલે ચાલનારી વ્યક્તિ જીવનમાં કંઈક નવું કરી શકે છે. ઘણીવાર કોઈ વ્યક્તિની પ્રગતિ-ઉન્નતિ જોઈને વિચારીએ છીએ કે આજે તે વ્યક્તિ મારાથી આગળ છે અને હું તેનાથી ખૂબ પાછળ છું. વાસ્તવમાં તે વ્યક્તિ કરતાં તેનો સમય જ આગળ હોય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

એમ કહેવાય છે કે સમય ચક્રની જેમ ફર્યા રાખે છે. સમય બધાનો આવે છે અને બધાને માટે આવે છે. સમયનું ચક્ર ફરતાં સમય જરૂર લાગે છે પણ એ ચોક્કસ ફરે જરૂર છે. અને જ્યારે ફરે છે ત્યારે એક જ ક્ષણમાં બધું જ ફેરવી દે છે એ પણ હકીકત છે. સમયની ઉથલ પાથલમાં આપણા હાથમાં કંઈ છે તો એ છે કે સારા સમયમાં વિનમ્ર રહેવું અને ખરાબ સમયમાં હિમ્મત ન હારવી વિપરીત સમયમાં મજબૂત અને મક્કમ બની રહેવું જરૂરી છે. સારા સમય દરમ્યાન વ્યક્તિમાં સૌથી પહેલાં અભિમાન આવે છે અને તેની સાથો સાથ ધીમ ધીમે ઈર્ષા, લોભ, મોહ અને ક્રોધ વિગેરે દુર્ગણ આવવા લાગે છે. એટલે જ્યાં આ બધા દુર્ગુણ ભેગા થાય ત્યાં વિનમ્રતા સાથે કેમ રહી શકે?

જે સમયનું ચક્ર ફરતાં સારો સમય આવ્યો છે તેને પાછો ફરતાં પણ થોડીવાર જ લાગે છે. જ્યારે ખરાબ સમય આવે ત્યારે સંયમ ખૂટવા લાગે છે એ સ્વાભાવિક છે કે તેમાં જેટલું શીખવા મળે છે તે બોધ-સમજણ આખી જિંદગી સાથે ચાલે છે. સમયના બદલાવમાં પોતાના અને પારકાની સાચી પરખ થાય છે તે સાથો સાથ આપણી પોતાની સાચી તાકાતનું અનુમાન મળે છે. બીજા પર આશા રાખવા કરતાં સ્વયં પર નિર્ભર રહેતાં શીખવી જાય છે. આમાંથી પસાર થતાં માણસ સમજદાર, નમ્ર અને દયાળુ બની જાય છે. જ્યારે જ્યારે માણસમાં આ બધા સદ્‌ગુણો આવવા લાગે છે ત્યારે આમ પણ વસ્તુઓની માયા છૂટી જાય છે. કોઈ વસ્તુઓનો મોહ નથી રહેતો જ્યારે માણસ ખરાબ સમયમાંથી ઘડાઈને સારા સમયમાં પ્રવેશે છે ત્યારે તે સમયની કિંમત જાણે છે.

જીવનમાં આવતા કોઈપણ પ્રકારના સમયનું માન જાળવવું જરૂરી છે. સમયથી વધારે બળવાન કંઈ જ નથી. સમયની મર્યાદા જાળવશું તો સમય પણ આપણને જરૂર સાચવશે. સમયનું એકમાત્ર સત્ય એ છે કે તે બદલાશે જરૂર. જે વ્યક્તિ મહાપુરૂષ બન્યા છે તે સમયના સથવારે ચાલીને જ મહાજન બન્યા છે. જે વ્યક્તિએ સમયને સાચવ્યો છે સમય તેને સાચવે છે. પ્રભુએ બધાને સમાન સમય જ આપ્યો છે પણ એનો કેવી રીતે ઉપયોગ કરવો એ તો આપણી ઉપર છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# સંજીવની કેસ નં.૧૯૨ માટે જરૂરી ૨.૨૫ લાખ ગણત્રી સમય દરમ્યાન ક્રાઉડ ફંડિગના માધ્યમથી જમા થઈ ગયા

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 192**

KDO

**DONATION CLOSED**

**Mrs BHARTI LAHERCHAND MEISHERI**

Age 57 Yrs., Mulund, Kutch- Jakhau

**Hospitalised for Acute Myocardial infarct, Triple Vessel Disease underwent CABG Surgery ( Bypass)**




**DONATION CLOSED**

**Rs 2.25 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851


જખૌ હાલે મુલુંડના ૫૭ વર્ષીય શ્રીમતી ભારતીબેન લહેરચંદ મૈશેરીને એક્યુટ મ્યોકાડિયલ ઈન્ફાર્કટ-હાર્ટએટેક ને લીધે તાત્કાલિક હોસ્પિટલાઈઝ કરવા પડ્યાં જ્યાં તેમની એન્જીઓગ્રાફી કરાઈ. આના રીપોર્ટમાં નિષ્કર્ષ એ થયો કે તેમને બહુવિધ બ્લોકે જ હતા જે માટે ડૉક્ટરો દ્વારા કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ બાયપાસ સર્જરી કરવાની સલાહ આપવામાં આવી.

પતિ રિયલ ઈસ્ટેટ એજન્સી ફર્મમાં કામ કરી લઘુતમ વેતન રળે છે. એક પુત્રી છે જે ૧૨મા ધોરણમાં અભ્યાસ કરે છે. પરિવારનો કોઈ મેડિકલેઈમ નથી કે નથી કોઈ ખાસ બચત આવા સંજોગોમાં સારવાર ઈલાજના ખર્ચ માટે જોગવાઈ કરવાની મુસીબત સામે આવી રાજીવ ગાંધી યોજના હેઠળ આંશિક સહાય મળી છે તો પણ ઉપરાંત રૂા.૨.૨૫ જેટલી મોટી રકમ જમા કરવાની જવાબદારી માથે પડી. આ સંજોગોમાં મૂંઝાયેલ મૈશેરી પરિવાર એ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ સંજીવની યોજના અંતર્ગત મદદ મળી રહે એ માટે અરજી મૂકી. સમગ્ર કેસનો અભ્યાસ કરી સારવાર ઈલાજ માટે ખૂટતી રકમ રૂા.૨.૨૫ જમા કરવા સદર અરજી કેસ નં. ૧૯૨ હેઠળ ક્રાઉડ ફંડિગ માટે નોંધણી કરી ખૂલ્લો મૂકાયો.

સહર્ષ નોંધ લેતા ખુશી થાય છે કે શ્રીમતી ભારતીબેન મૈશેરીના સારવાર માટે જરૂરી રકમ રૂા.૨.૨૫ ક્રાઉડ ફંડિગ ખૂલ્લો મૂકાતા ના નોંધપાત્ર સમય દરમ્યાન જ પૂર્ણ રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ થંભાવી દેવાયું.

આજ સુધી દરેકે દરેક સંજીવની કેસ બાબતે જ્ઞાતિના ઉદારદિલ વ્યક્તિગત દાતાશ્રીઓ, મહાજન, મંડળ, એકમ, ટ્રસ્ટ અને સંસ્થાઓએ જે પ્રકાર સરાહનીય સહકાર્ય કરી માનવતાલક્ષી વિચારને કાર્યને આગળ વધાર્યો છે. એના ગુણગાન જેટલા કરીએ એટલા ઓછા છે. અણધારી આપદામાં સપડાયેલા બે શતકની આસપાસ પહોંચેલી આ સંખ્યા જેટલા જ્ઞાતિજનોને સમયસર રાહત પહોંચાડી સંજીવની કાર્ય સફળ રીતે કરી શકાયું છે એ સર્વેની શત શત અનુમોદના, ગુણવંદના.


# સંજીવની કેસ નં.૧૯૩ માટે જોઈતા રૂા.૬૫ હજાર તત્કાળ ક્રાઉડ ફંડિગથી જમા થઈ ગયા




કચ્છ કોઠારા હાલે અમદાવાદના ૫૩ વર્ષીય, શ્રીમતી વંદના કિરણ નાગડાને ગેસ્ટ્રોએન્ટેરિટિસ તથા છાતીમાં દુઃખાવાના કારણોસર હાર્ટએટેક તથા કિડની ઈન્જરીને લીધે તાત્કાલિક હોસ્પિટલાઈઝ કરવા પડ્યા. તેઓને ડાયાબિટીસ તથા હાયપર ટેન્શન સાથે હૃદયમાં રક્ત અને ઓક્સિજન પૂરતો પહોંચતો ન હોવાનો ડૉક્ટરોએ નિદાન કરેલ અને જેનો અંદાજિત ખર્ચ રૂા.૬૫ હજાર દર્શાવેલ.

ટ્રાન્સપોર્ટ કંપનીમાં સર્વિસ કરતાં તેમના પતિ લઘુતમ વેતન મેળવે છે. દર્દી પોતે વ્યાધિગ્રસ્ત કારણોસર ગૃહિણી તરીકે છે. બે પુત્રીઓ પરણિત છે. પરિવારનો નથી કોઈ વીમાનું કવચ કે નથી કોઈ બચત. આ કારણોસર મૂંઝવણમાં મૂકાયેલ નાગડા દંપતી સમસ્ત મહાજનના મેડિકલ સમિતિ સમક્ષ મદદની માટે આશા રાખી અરજી કરી. જેને કેસ નં.૧૯૩ આપી ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું અને સદ્‌ભાગ્યથી ઉદાર દિલ જ્ઞાતિ દાતાઓના અમૂલ્ય સાથથી નામ માત્ર સમયમાં જરૂરી રકમ જમા થઈ ગઈ. જે માટે વ્યક્તિગત દાતાઓ ટ્રસ્ટ, મહાજન, મંડળ, એકમ અને સંસ્થાઓ દાનની સરવાણી વહેડાવી નાગડા પરિવારને સાથ, હાથ અને આત્મીય હૂંફ આપી છે. જે અમૂલ્ય અને અદ્‌ભૂત છે. સૌને આભાર વંદના.

# સંજીવની કેસ અરજી નં.૧૯૪ માટે જોઈતા રૂા.૨.૨૦ લાખ તત્કાલ ક્રાઉડ ફંડિગના માધ્યમથી જમા થઈ ગયા




૫૬ વર્ષીય કચ્છ સાંધવના હાલે લોકપુર-બાગલકોટ કર્ણાટકના શ્રીમતી ઉષા નાગરાજ લોડાયા છેલ્લા ચાર માસથી ડાબા V3 ટાઈજેમિનલ ન્યુરલજીયાથી પીડિત છે. છેલ્લાં કેટલાક મહિનાથી તેમના જડબામાં તીવ્ર પીડા થાય છે અને ખોરાક ખાઈ શકતા નથી કે ગળી શકતા નથી. વજન ઓછું થઈ ગયું છે. દવાથી ઉપચાર કારગત થયો નહીં હવે તાત્કાલિક સર્જિકલ ટ્રીટમેન્ટ કરવાની સલાહ ડૉક્ટરોએ આપી છે. તેઓ પુત્ર અને પુત્રવધૂ સાથે રહે છે. પુત્ર આરબીએલ મિનરલ્સ એન્ડ કેમિકલમાં ડિસ્પેચ મેનેજર તરીકે સર્વીસ કરે છે અને લઘુતમ વેતન મેળવે છે. પરિવારનો કોઈ મેડિક્લેમ સપોર્ટ નથી. સર્જરી ઈલાજ માટે અંદાજિત રકમ રૂા.૨.૨૦ લાખ જમા કરવાનું ટેન્શન માથે આપી પડ્યું. જે માટે લોડાયા પરિવાર સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી જેના પ્રતિસાદ રૂપે ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

ક્રાઉડ ફંડિગ શરૂ થતા વેંત જ ગણત્રીના સમય દરમ્યાન પૂરે પૂરી જરૂરિયાત પૂર્ણ થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું.

આજ સુધીના દરેકે દરેક કેસની જેમ જ સદર કેસ પણ વ્યક્તિના દાતાઓ મહાજન મંડળ એકમના ઉદાર ભર્યા આત્મીય સહયોગને લીધે જ્ઞાતિ પરિવારની મુસીબત હટાવી શકવા સમર્થ થયાં છીએ. સૌ દાનીજનોનો અંતકરણપૂર્વક આભાર.

# યુ.એમ.ખોના એન્ડ કંપનીના પાર્ટનર હર્ષ જયંત લાપસિયા રાઈઝિંગ સ્ટાર ઈન લોજિસ્ટિકસ એવોર્ડથી સન્માનિત



શુક્રવાર તા.૨૦ જૂનના રોજ આયોજિત હૂઝ હુ ઓફ ધ મેરિટાઈમ એન્ડ લોજિસ્ટકસ લેન્ડસ્કેપની ઉપસ્થિતિમાં ઈન્ડિયા મેરીટાઈમ એવોર્ડસ પૈકી રાઈઝિંગ સ્ટાર ઈન લોજિસ્ટિકસનો પ્રતિષ્ઠિત એવોર્ડ યુ.એમ.ખોના એન્ડ કંપનીના પાર્ટનર હર્ષ જયંત લાપસિયાને એફ એફ એફ એ આઈ ચેરમેન દુષ્યંત મુલાની, ગ્લોબલ એક્સપ્રેસ મલ્ટીલોજિસ્ટિકસ પ્રાઈટિવ લિમિટેડના ડિરેક્ટર શંકર શિંદે, બીસીબીએના પ્રમુખ સંજીવ હરાળે અને ઈન્ડસ્ટ્રીઝ એક્ષ્પર્ટ ડૉ. પ્રમોદ સંતના હસ્તે એવોર્ડ અને પ્રમાણપત્ર સાથે આપ્યો.

મેરી ટાઈમ એવોર્ડનો ૯મો સંસ્કરણ લોજિસ્ટિકસ ઈન્ડસ્ટ્રીઝમાં હર્ષ લાપસિયાનું શ્રેષ્ઠ સર્મપણ અને શ્રેષ્ઠતમ પ્રદાનને માન્યતા આપેલ છે. એવોર્ડ મળવવા બદલ હર્ષ જયંત લાપસિયાને હાર્દિક અભિનંદન.

---

# વર્ધમાન નગર ગ્રામપંચાયતના સભ્ય તરીકે જંગી બહુમતીથી વિજેતા થયા યશ વિકમશી




ભુજ શહેર પરિસર વિસ્તાર નજીકના વર્ધમાન નગર ગ્રામપંચાયતની હાલે થયેલ ચૂંટણીમાં વોર્ડ નં.૨ પરથી વર્ધમાન નગરના પૂર્વ સરપંચ શ્રીમતી જ્યોતિબેન હેમંત વિકમશીના પુત્ર યશ હેમંત ભવાનજી વિકમશી કચ્છ રાણપરએ ૯૭ વોટમાંથી ૯૫ વોટ મેળવી જંગી બહુમતિ ચૂંટાઈ આવ્યા છે. આ સિધ્ધિ ભરી સફળતા માટે હાર્દિક અભિનંદન સાથોસાથ ગ્રામસેવકના પદે રહી લોક ઉપયોગી સેવા કાર્ય અવિરત કરવા યશનામી થાય એ શુભેચ્છા.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ગાંધીધામની કારોબારીમાં નવા પદાધિકારીઓની નિયુક્તિ

શ્રી અચલગચ્છ જૈન સંઘ ગાંધીધામ સંસ્થાની સામાન્ય સભામાં નવી કારોબારી રચના કરવામા આવી. જેમાં પ્રમુખ તરીકે મિતેશ મધુકાન્ત ધરમશી, ઉપપ્રમુખ તરીકે ચંદ્રકાન્ત અમૃતલાલ શાહ, માનદમંત્રી તરીકે જીતેન્દ્ર આણંદજી છેડા, સહમંત્રી તરીકે કેતન મધુકાન્ત લોડાયા અને ખજાનચી તરીકે જીગર ભાદ્રિક મૈશેરીની નિમણુંક કરવામાં આવી હતી સાથે કારોબારી સભ્યો અન્ય કોપ્ટ સભ્યોની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

ગાંધીધામના શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના પાવન આંગણે બધા ગચ્છના રૂટેશન મુજબ આ વખતે અચલગચ્છના ગણીવર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મહારાજા સાહેબ, પરમ પૂજ્યમુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મહારાજા સાહેબ આદીથાણાનો ચાતુર્માસ મળેલ છે. જેમનું પ્રવેશ આગામી તા.૬ જુલાઈને રવિવારેના વાજતેગાજતે સકળ સંઘની હાજરીમાં થશે. જેમાં સૌ શ્રાવક શ્રવિકા ધર્મપ્રેમીને જોડાવા આમંત્રણ છે

# કચ્છ સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાના દરબારે ભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશોત્સનું સસ્નેહ આમંત્રણ

શ્રી ક.દ.ઓ.ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવના આંગણે શ્રી શાંતિનાથ દાદાના દરબારે યોગ નિષ્ઠ પ.પૂ.શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા વર્ધમાન તપોનિધિ પ.પૂ.સાધ્વીશ્રી અભયગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્ય, વર્ધમાન જપોનિધિ પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનેશગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિતાર્થગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩નું મંગલમય ચાતુર્માસ સાંધવ શ્રી સંઘને પ્રાપ્ત થતાં સમગ્ર શ્રી સંઘમાં આનંદ ઉલ્લાસ છવાઈ ગયો છે. પૂજ્ય સાહેબજીના ભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશોત્સવ પ્રસંગે ૫૨/૪૨ ગામોના સકળશ્રી સંઘો, સાંધવવાસીઓ અને નિયાણી બેહનો, પૂજ્યશ્રીના પરિવારજનો, ગુરૂભક્તો અને આમંત્રિત મહેમાનોને અષાઢ સુદ ૧૩ તા. ૭ જુલાઈ સોમવારના સવારના ૯ કલાકે પધારવાનું સસ્નેહ નિમંત્રણ છે.

ચાતુર્માસ પ્રવેશ દિને માંગલિક સ્વરૂપે વધુમાં વધુ આયંબિલ કરવા નમ્ર વિનંતી શ્રી સંઘ તરફથી ચાતુર્માસના લાભાર્થી પરિવારો અ.સૌ.દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા લોખંડવાલા સાંધવ-ઘાટકોપર, સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ સાંધવ-મુલુંડ, શ્રી સાંઈ કલિયરીંગ એન્ડ ફોવર્ડીંગ એલ.એલ.પી. હસ્તે જતીન ગુલાબચંદ નાગડા, રંગપુર-મુલુંડ અને જયેશ માણેકજી લોડાયા, સાંધવ-મુલુંડ. સંપર્ક સૂત્ર મો.નં.૯૮૨૧૨ ૯૮૨૦૫૪૦૯૪૯


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી ક.દ.ઓ.દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત ચૈત્ય પરિપાટીનો વિગતવાર કાર્યક્રમ

શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘ દ્વારા ચૈત્ય પરિપાટીના કાર્યક્રમની વિગતવાર નોંધ લેવા સર્વે યાત્રિકોને અનુરોધ છે. સંજોગોને આધિન નક્કી કરાયેલ કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર શ્રી સંઘના અધિકારીઓને રહેશે.

દિવસ ૧ : તા.૧૭ સપ્ટેમ્બર બુધવાર દેવાલાલીથી વણી જૈન દેરાસર ૫૬ કિ.મી. નવકારશી તથા પૂજા, વણીથી નવસારી ૧૫૫ કિ.મી. ૫૨ જિનાલય દર્શન, ૧૦૮ પાર્શ્વનાથ દેરાસર દર્શન નવસારી ખાતે લંચ. નવસારીથી વર્ણામા દેરાસર (સુરત મારફત) ૧૬૫ કિ.મી. દર્શન તથા ચોવિહાર, વર્ણામાથી મણિલક્ષ્મી તીર્થ ૧૦૩ કિ.મી. રાત્રિ રોકાણ.

દિવસ ૨ : તા.૧૮ સપ્ટેમ્બર ગુરૂવાર મણિલક્ષ્મી તીર્થમાં નવકારશી તથાપૂજા. વટામણ ચોકઠી ૩૦ કિ.મી. દર્શન તથા લંચ, વટામણથી કલીકુંડ તીર્થ ૩૨ કિ.મી. ભાવના ચોવિહાર રાત્રિ રોકાણ.

દિવસ ૩ : તા.૧૯ સપ્ટેમ્બર શુક્રવાર કલિકુંડ તીર્થમાં નવકારશી તથા પૂજા. કલીકુંડથી વડોદરા ત્રિમંદિર ૧૨૩ કિ.મી. દર્શન તથા લંચ. વડોદરાથી સુરત-બલેશ્વર મંદિર દર્શન ૧૩૫ કિ.મી. સુરતથી સાપુતારા જૈન મંદિર ૧૪૦ કિ.મી. દર્શન તથા પુરોહિત ભોજનશાળા ખાતે ચોવિહાર સાપુતારાથી દેવલાલી ૯૦ કિ.મી. પરત પ્રવાસ.

ઉપર મુજબનો ત્રણ દિવસીય ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસનો કાર્યક્રમ શ્રી સંઘના માનદ્ મંત્રી નીતિન રાયચંદ સાયલા તરફથી જાહેર કરાયો છે.

# નાસિક સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિઠાણા ૩નો ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો





અષાઢી બીજ તા. ૨૭ જૂન શુક્રવારના દિને નાસિક નગર સંઘમાં ખાનદેશરત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩નો શ્રી ક.દ.ઓ. જૈન મહાજનના આંગણે ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક સહભાગી થઈ સામૈયામાં જોડાયા હતા.

# શ્રી કે.ડી.ઓ. મહિલા મંચ અમદાવાદનો
# કચ્છી થીમ ઉપર કાર્યક્રમ થયો

શનિવાર, તા.૨૮ જૂનના રોજે શ્રી કે.ડી.ઓ.મહિલા મંચ અમદાવાદ દ્વારા કચ્છી ભવન મધ્યે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં ૬૦ મેમ્બર્સ હાજર રહી હતી. કચ્છી થીમ ઉપર ગેમ મીરા ધરમશીએ રમાડેલ. જેમા ૬-૬ જણના ૮ ગ્રુપ એ સહભાગ લીધો હતો. જેમાંથી બે ગ્રુપને વિજેતા તરીકે ઈનામથી નવાજવામાં આવી હતી. ઈનામના દાતા માતુશ્રી મીરાબેન પ્રતાપભાઈ દંડ હસ્તે મીનલ દંડ હતા. તે ઉપરાંત કચ્છી ટિપીકલ વાનગી હરીફાઈ રાખવામાં આવેલ હતી. વાનગી આઈટમ ઘરેથી બનાવીને લાવવાની હતી. આ હરિફાઈમાં બે ઈનામ આપવામાં આવેલ. પ્રથમ પ્રાઈઝ લતાબેન સાંયાને તથા દ્વિતીય ઈનામ ચેતનાબેન મોતાને અપાયું. આ ઈનામના દાતા માતુશ્રી દમયંતીબેન દિલીપભાઈ દંડ હસ્તે અવંતી અને હેતલ દંડ હતા. વાનગી સ્પર્ધાના જજ તરીકે કુમુદબેન અને દમયંતીબેન ધરમશી હતા. છેલ્લે બધા અલ્પહાર લઈને સ્વગૃહ જવા છૂટા પડ્યાં હતાં.







# ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનો જોગ



આપના કુટુંબમાથી કોઈ પણ ભાઈ કે બહેને વિ.સં.૨૦૫૧ પછી અચલગચ્છ, તપાગચ્છ, ખડતરગચ્છ કે પાર્શ્વગચ્છ કે કોઈપણ સંઘમાં પ્રવજયા (દિક્ષા) લીધી હોય તો નીચે જણાવેલ વિગતે માહિતી શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની ગ્રંથ સમિતિને C/o. ગુર્જરમાત, શ્રી જયંત છેડા-૯૮૬૯૦૦૫૪૦૩ ઈ-મેલ : kdogranth@gmail.com પર જરૂરથી તુરંત મોકલવા વિનંતી છે. કે જેથી તે વિગતોને સમસ્ત મહાજન દ્વારા ક.દ.ઓ.જૈન જ્ઞાતિના ઈતિહાસ ગ્રંથમાં આમેજ કરી શકાય. આપ સૌના હકારાત્મક પ્રતિસાદની અપેક્ષા રાખીએ છીએ.

**લી. જયંત છેડાના જય જીનેન્દ્ર.**

---

# શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિનો અનોખો પ્રકલ્પ





ગત મે મહિનામાં શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિએ મુંબઈ અને કચ્છના વિવિધ વિસ્તારોમાં રહેતા ૪૧ દિવ્યાંગજનોના ઘરોમાં તેઓને આંબાનું વિતરણ કર્યું. આ પ્રકલ્પનો સમગ્ર ખર્ચ ઉદાર દિલ દાતાઓ મૃદુલાબેન હીરાચંદ દંડ (ઘાટકોપર), ગુરૂભક્ત પરિવાર (ચેમ્બુર), જયા અરૂણ મોતા (નિમચ) તથા મધુરીબેન હીરાચંદ છેડા (મુલુંડ) દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ. મુંબઈ અને તેની આસપાસના પરાંઓમાં ૨૬ પરિવારોને તથા કચ્છમાં ૧૫ પરિવારોને આ આંબા પહોંચાડવામાં આવ્યા હતા. કચ્છમાં રહેતા આપણા જ્ઞાતિજન, સમાજસેવક પ્રબોધ મુનવરે આગળ આવી, ત્યાંના સ્થાનિક વેપારીઓ પાસેથી આંબા મેળવી, દિવ્યાંગજનોને પહોંચાડવાનું પ્રશંસનીય કાર્ય કર્યું.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, નલિયા દ્વારા નૂતન અતિથિભવનના નવનિર્માણના ભૂમિપૂજન તથા મુખ્ય શિલાન્યાસનો અહેવાલ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, નલિયા દ્વારા નૂતન અતિથિભવનના નવનિર્માણના ભૂમિપૂજન તથા મુખ્ય શિલાન્યાસનો પાવન પ્રસંગ તા. ૨૭ જૂન શુક્રવાર, અષાઢ સુદ બીજ (કચ્છી નૂતન વર્ષ) ના પાવન દિવસે ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ભવ્ય રીતે સંપન્ન થયો...

આ નવી ઇમારત દેરાસર, નૂતન ઉપાશ્રય, આયંબિલવાડી તથા નૂતન ભોજનાલયની બાજુમાં નિર્માણ થઈ રહી છે. ૧૫ રૂમોનું ગ્રાઉન્ડ + ૨ માળનું અતિ આધુનિક અને લિફ્ટ સહિતની સુવિધાઓથી સજ્જ અતિથિભવન તૈયાર થવાનું છે, આ ભવન ભવિષ્યમાં નલિયામાં પધારતા જ્ઞાતિજનો માટે ઉપયોગી તથા આધુનિક જમાના સાથે તાલમેલ રાખતી સાબિત થશે...

ભૂમિપૂજન વિધિનો પવિત્ર આરંભ શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા (રાપરગઢવારી-ઘાટકોપર) ના પાવન હસ્તે ધાર્મિક રીતિ-રિવાજ અને મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યો...

મુખ્ય શિલાન્યાસ વિધિ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ હંસરાજ લોડાયા (આરીખાણા-મુલુંડ)ના વરદહસ્તે કરવામાં આવી.

આ પ્રસંગે પૂજ્ય શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.એ શ્રી સંઘને આશીર્વાદરૂપ માંગલિકનું પઠન કર્યું હતું...

આ અવસરે નલિયાની ધરતી પર મોટી સંખ્યામાં જ્ઞાતિજનો, નિયાણી બહેનો, નલિયાના નિવાસીઓ તેમજ બહારગામથી વિશેષ પધારેલા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. નલિયાના તમામ જ્ઞાતિના સન્માનનીય અધિકારીઓની હાજરી પ્રસંગને ગૌરવમય બનાવી હતી...

મહાજનશ્રીના રસોડે બપોરે ૧૨:૧૫ કલાકે સ્વામીવાત્સ્યનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વે પધારેલા મહેમાનો તથા જ્ઞાતિજનોએ પ્રીતિ ભોજન કર્યું હતું...

આ તમામ કાર્યો મહાજનના પ્રમુખશ્રી મુલચંદ પદમશી મોતાના પ્રેરણાદાયી નેતૃત્વ અને સમગ્ર ટીમના દૃઢ સંકલ્પના પરિણામે શક્ય બન્યા છે. પાંજરાપોળનું નૂતનીકરણ, ઉપાશ્રયનું નવનિર્માણ અને નૂતન ભોજનાલયનું સર્જીકરણ જેવા કાર્યમાં આધુનિકતા અને નવા યુગની માંગ મુજબની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે...










# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, નલિયા દ્વારા નૂતન અતિથિભવનના નવનિર્માણના ભૂમિપૂજન તથા મુખ્ય શિલાન્યાસનો અહેવાલ












# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ હેઠળ ઓનલાઈન અરજી

**તા.૦૧-૦૭-૨૦૨૫ થી તા ૧૫-૦૭-૨૫ સુધી I-khedut 2.0 પર કરી શકાશે.**

**માહે - એપ્રિલ-૨૫ થી જૂન-૨૫ ની સહાય માટે થશે. જેની ખાસ નોંધ લેવી.**

**રાજ્યમાં આવેલ પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ ગૌશાળા-પાંજળાપોળ જોગ**

**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ,**

**બ્લોક નં.-૭/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ફોન નં. ૦૭૯ -૨૩૨ ૫૬૩૨૭**

## મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી કરવા અંગેની જાહેરાત

રાજયની પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ ગૌશાળા-પાંજરાપોળને ધ્યાન દોરતા જણાવવાનું કે નાણાંકીય વર્ષ : ૨૦૨૫-૨૬ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના, પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા-પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓ માટે નિભાવ સહાયની યોજના આઇ-ખેડુત પોર્ટલ પર મુકવામાં આવેલ છે. યોજનાના ઠરાવ તેમજ શરતો અને બોલીઓની વિગતો Website : http://gauseva.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. એપ્રિલ-૨૫ થી જૂન-૨૫ ના તબક્કાની સહાય માટે તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૭/૨૦૨૫ દરમ્યાન આઈ-ખેડુત પોર્ટલ ૨.૦ (iKhedut 2.0 Gujarat State Portal) પર અરજીઓ સ્વીકૃત કરવામાં આવશે.

**નોંધઃ**

એપ્રિલ-૨૫ થી જૂન-૨૫ ના તબક્કાની સહાય માટે તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૭/૨૦૨૫ સુધીમાં આઈ-ખેડુત પોર્ટલ ૨.૦ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આ સમયગાળા દરમ્યાન લાભાર્થી સંસ્થાએ અચૂકપણે આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર ઓન લાઈન અરજી કરી લેવાની રહેશે.

જે તબક્કા માટે ઓનલાઈન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી ન કરેલ લાભાર્થી સંસ્થાને તે તબક્કાની સહાય મળવવાપાત્ર રહેશે નહીં.

**નોંધઃ ઓનલાઈન અરજી કર્યા બાદ**

ઓનલાઈન કરેલ અરજીની પ્રિંટ આઉટ લઈ અરજીના પ્રિટ-આઉટમાં બિડાણમાં રાખવાના જણાવેલ જરૂરી સાધનિક-કાગળો બિડાણ કરી અચૂકપણે અરજી કર્યાના દિન-૨૧માં નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયતની કચેરી ખાતે અરજી રજૂ કરવાની રહેશે. સદર ઓનલાઈન કરેલ અરજી તથા અરજીમાં બિડાણમાં જણાવેલ સાધનિક-કાગળો સાથે જો લાભાર્થી દ્વારા નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત ખાતે દિન-૨૧માં રજૂ ન કરે તો તે અરજી રદ કરવા પાત્ર રહેશે.

**સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામક**
**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

(માહિતી/૭૧૪/૨૦૨૫-૨૬)

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી ઓગસ્ટ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૩ જૂલાઈ ૨૦૨૫ | ખોના ફલિયા, નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી. |
| તા. ૦૬ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૧૩ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલી આયોજિત પર્યુષણ બાદ તા. ૧૯ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના ઉત્તર ગુજરાત ચૈત્ય પરિપાટી માટે નામ નોંધાવવાની અંતિમ તારીખ. મો. ૯૮૩૩૭૩૨૩૪૫, ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૩૧ જૂલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ શ્રી ક.દ.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM મંડળના કાર્યાલયમાં. |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC0ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ખુશાલભાઈ ધરમશી**
તા.૧૫ જૂન (ઉ.૫૬)
ગોરખડી-મુંબઈ



**કાંતાબાઈ લોડાયા**
તા.૨૨ જૂન (ઉ.૮૪)
સાંધવ-દાદર



**જયંતીલાલ લોડાયા**
તા.૨૮ જૂન (ઉ.૮૦)
મોટી સિંધોડી-અમદાવાદ



**પ્રેમાબાઈ લોડાયા**
તા. ૨૮ જૂન
રાપર-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


KDO

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ**



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |




● ચાલુ વર્ષે અનુકૂળ વાતાવરણના લીધે અબડાસા, નખત્રાણા અને લખપતમાં ગુણવતા, સ્વાદમાં સુધાર સાથે મબલખ પાક થતાં કચ્છી સક્કરટેટીની દેશભરમાં માંગ વધી છે. છેલ્લાં કેટલાક વર્ષથી કોઠારા, ભાચુંડા, સાંધવ, રવા, બીટીયારી, ભાનાડા, લાલા, કનકપર સહિતના વિસ્તારોમાં સક્કરટેટીનું સ્થાનિક ખેડૂતો દ્વારા વાવેતર કરવામાં આવી રહ્યું છે. જે સંપૂર્ણ પણે ડ્રીપ પધ્ધતિથી કરવામાં આવી રહ્યું છે અને વાવેતરના ત્રણ મહિના બાદ પાકનું ઉત્પાદન થાય છે જે મોસમને અનુરૂપ હોય છે. સ્વાદમાં મીઠાશવાળી સક્કરટેટી અત્યારે ભુજ, અંજાર, ગાંધીધામ, અમદાવાદ, રાજકોટ જેવા શહેરી વિસ્તારોમાં જઈ રહી છે. અબડાસામાં એક હજારથી બારસો એકરમાં સક્કરટેટીનું વાવેતર કરવામાં આવ્યું છે. એક એકરમાં આઠથી નવ ટનની ઉપજ થાય છે.

● ગાંધીધામની અગ્રણી વેપારી સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે રાજ્ય સરકારના આદિ જાતિ વિકાસ અને શ્રમ અને રોજગાર તથા ગ્રામ વિકાસના પ્રધાન કુંવરજીભાઈ હળપતિની મુલાકાત લઈ કચ્છમાં રહેતા ઓરિસ્સા અને આંધ્રપ્રદેશના શ્રમિકો માટે રેલ સેવા શરૂ કરવા ભાર મુક્યો હતો. રાજ્ય સરકારના મંત્રીએ તમામ રજઆતોને સાંભળ્યા બાદ યોગ્ય કરવાની હૈયા ધારણા આપી હતી. આદિવાસી અને મજૂર વર્ગના કલ્યાણ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. તેમજ કચ્છના ઉદ્યોગો અને મજૂર વર્ગ વચ્ચેના સંતુલન માટે રેલવે જોડાણ વધારવા કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરી યોગ્ય કરાશે તેવું પણ તેમણે ઉમેર્યું હતું.

● સમગ્ર ગુજરાત રાજ્યમાં ચેરના જંગલોનો વિસ્તાર કચ્છ જિલ્લામાં અને કચ્છના અખાતમાં આવેલો છે. ત્યારે ગ્લોબલ વોર્મિંગથી લડવા માટે એક ઢાલની જેમ ઊભા રહેલાં ચેરિયાના સંરક્ષણ અને સંવર્ધન માટે વૈજ્ઞાનિક ઢબે પહેલ કરવામાં આવે એ હેતુથી જાપાનની એજન્સીએ કચ્છમાં હાથ લંબાવીને નારાયણ સરોવરની પસંદગી કરી છે. આવનારા દિવસોમાં રાજ્યમાં પ્રથમ મેન્ગ્રુવ રિસર્ચ સેન્ટર બનાવવાનો નિર્ણય લેવાયો છે. એકબાજુ પ્રવાસીઓને આકર્ષવા માટે સમુદ્ર વચ્ચે ચેર સંવર્ધન સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ભવિષ્યમાં કચ્છની પ્રવાસન સર્કિટમાં સમાવેશ કરી ખાસ બોટમાં પર્યટકોને લઈ જવાની યોજના છે. ત્યારે કાંઠા પર અભ્યાસ કેન્દ્ર બને તેવી યોજના અમલમાં મૂકાશે.

● નખત્રાણાનો યુવાન રામ શંકરભાઈ જેપાર–મારવાડા ઉ.વ.૩૬ ગુમ થતાં પરિવારજનો તેની સતત શોધ ચલાવી ચિંતાતુર બન્યા હતા. બાર વર્ષ પહેલાં પરિવારજનો સાથે જૂનાગઢ યાત્રાએ ગયેલો યુવાન ત્યાંથી ગુમ થયો હતો. ત્યાર પછી તે અનેક રાજ્યોમાં રખડતો ભટકતો રહ્યો હતો. અનેક શહેરો ગામોમાં તેણે અનેક મુશ્કેલીઓ વેઠી હતી. આખરે બે મહિના પહેલાં સુરતના આશીર્વાદ માનવ મંદિર માનવ સેવા ટ્રસ્ટ સેવાશ્રમમાં પહોંચ્યો હતો. ત્યાંના સંચાલક, સર્વે ટ્રસ્ટીગણ કાર્યકરોએ તેની સારવાર કરાવી હતી. જિલ્લા કાનૂની સેવા સતા મંડળના સિનિયર પેરાલીગલ વોલિયન્ટર પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ સુરત આશ્રમની મુલાકાતે ગયા ત્યારે નખત્રાણાના યુવાનને સાથે ભુજ લઈ આવ્યા હતા. પરિવારજનો સાથે ૧૨ વર્ષ પછી રામદેવ સેવાશ્રમ પાલારામાં ભાઈઓનું મિલન થતાં ભાવુક દૃશ્યો સર્જાયા હતા. આજે ૪૮ વર્ષનો થયેલ આ યુવાન નારાણસ્વામીના ભજનનો શોખીન છે અને ૩૫૦ ભજનો કંઠસ્થ કર્યા છે તેમજ હાર્મોનિયમ વગાડે છે.

● અબડાસા તાલુકાના સાંયરાના વતની અને હાલે અમેરિકાની યુનિવર્સિટીમાં સંશોધન સહ અભ્યાસ કરતાં ડૉ. પ્રહર્ષ મોહનભાઈ છાભૈયા–પટેલને સંશોધન ક્ષેત્રે તેમણે આપેલા યોગદાન માટે અમેરિકાનો પ્રતિષ્ઠિત એવો પેન સ્ટેટ એલમ્નાઈ એસોસિએશન ડિસ્ટેશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ એવોર્ડ અમેરિકાની પેન્સિલ વેનિયા સ્ટેટ યુનિ.ના પૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન દ્વારા આપવામાં આવે છે.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

**FIXED DEPOSIT** 720 Days

**RATE OF INTEREST**

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank